સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

નેતાઓનાં નિવેદનનું સ્તર નીચું જાય છે,
બૌદ્ધિક વિચાર-જ્ઞાનનું સ્તર નીચું જાય છે,
સ્તર નીચું જાય છે વર્તન-વ્યવહારે -
દિવસો દિવસ નેતાઓનું સ્તર નીચું જાય છે.

હાઈકુ

બેઠાં પાટિયાં,
છપ્પનની છાતીનાં -
સંસદ-ચિંતા..
(સહયોગીઓની બેઠક)

જિંવાંબે સામે
મેચ રાખી કેળવ્યો -
આત્મ-વિશ્વાસ..
(જીતનો લીધો અનુભવ)

ચિંતન

અવિનયભૂવામજ્ઞાનાનાં શમાય ભવન્નપિ પ્રકૃતિ કુટિલા દ્વિધાભ્યાસઃ ખલત્વવિવૃદ્ધયે ।
ક્ષણિ ભય ભૂતાય સ્ત્ચ્છેદક્ષમ સ્તમસામસૌ વિષધર ક્ષણા રત્ના લોકો ભયં તુ ભૂશાયતે ॥

જેમ ઝેરીલો-વિષધર સાપની ફેણ ઉપર રહેલ મણિ-રત્નનો પ્રકાશ, સર્પથી ભય પામનારા જીવજંતુને માટે તો અંધકાર દૂર કરવાનો જ હોય છે. પરંતુ છતાં સર્પના ભયથી જ ભયભીત બનેલાં એવાં જીવજંતુઓ એ પ્રકારથી જ વધારે ભયભીત થઇ જાય છે.

તેવી જ રીતે જે સ્વભાવથી જ દુર્જન-કુટિલ છે એવાં જનો - જો વિદ્યાભ્યાસ કરે તો પણ એ વિદ્યાભ્યાસ દ્વારા પોતાની કુટિલતામાં જ વધારો કરે છે. દુર્જનતામાં જ વધારો થાય છે.

દુર્જન માણસ સ્વભાવ અને સંસ્કારથી જ દુષ્ટ હોય છે આવો માણસ વિદ્યાભ્યાસ કરે તો પણ એમાંથી વિજ્ઞાન-પ્રયોગ દ્વારા દુષ્કાર્યો કેમ કરવાં અને પકડાયા વિના ગુન્હા કેમ કરી શકાય એવા ક્રિમીયા જ શોધે છે.

વિજ્ઞાનની શોધોનો આજે સદુપયોગ કરતાં દુરુપયોગ વધ્યો છે. દુર્જનનાં હાથમાં હથિયાર આપો તો એ વિનાશ માટે જ વપરાય છે.

સુવિચાર

- શુદ્ધ ન્યાયમાં શુદ્ધ દયા પણ હોવી જોઇએ... ન્યાયનો વિરોધ કરનારી દયા, એ દયા નહીં પણ એક જાતની ક્રૂરતા છે - ગોવિંદ રાનડે
- ટીકાખોરી કરવાની ખો-ખોની રમત રમવા જેવી નથી કારણ કે એનાથી બીજાનો આત્મવિશ્વાસ જરુર તુટે છે અને તમારો કંઇ વધવાનો નથી - મૃગેશ વૈષ્ણવ
- જે ધનિકો ગરીબની નમ્રતા ધારણ કરે છે અને જે ગરીબો ધનિકોની ઉદારતા ધરાવે છે તે બંને ઇશ્વરનાં ખાસ માનીતા છે - હદિસ બોધ
- જીવનમાં શાંતિ મેળવવા હવાફેર નહીં પણ મનફેર કરવાની જરુર છે- એસ. ભટ્ટાચાર્ય
- પ્રતિભાનો અર્થ છે, બુદ્ધિમાં નવી કૂંપળો ફૂટવી, નવો ઉત્સાહ, નવી શોધ, નવી કલ્પના એ પ્રતિભાનાં લક્ષણો છે - વિનોબા ભાવે
- દાનથી લોભનું, સંતોષથી કામનાઓનું નિવારણ થાય છે - ધર્મસૂત્ર
- અન્યકેરા દર્દ દેખીને, જેના હૃદયમાં ગમ નથી, માનો તે માનવીની જીંદગીમાં દમ નથી - ઉમાશંકર જોષી

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

ઘણીવાર નાની વયમાં ના-સમજમાં કે વધારે પડતાં દબાણથી બાળવયમાં દિક્ષા લેવાતી હોય, ક્યારેક દેવું-ગરીબી-કંકાસના ત્રાસથી ગૃહત્યાગ કરી સાધુ થઇ જતા હોય છે એમનો 'ત્યાગ' કાયમી નથી હોતો ઇંદ્રીઓ અને મનમાં સમય પર અને પુખ્યવય થતાં શારીરિક ભૂખ જાગે છે અને સંસાર અને સન્યાસ બાબત દ્વિધા અનુભવે છે.

એક સાધુએ ઘણાં વર્ષો સુધી ગુફામાં રહી જપ-તપ કર્યા - પણ એણે જેવી અપેક્ષા રાખી હતી એવી ઉપલબ્ધિઓ ન મળી.

એક દિવસ એ કંટાળી ગયો - અને સાધુ જીવનનો ત્યાગ કરી ફરી સંસારના ભૌતિક સુખો ભોગવવાની લાલચે ગુફા છોડી શહેરમાં જવા તૈયાર થયો.

... પરંતુ એકાંત અને જપ-તપના પ્રભાવે જે ચિંતન કર્યું હતું તે આત્મા જાગી ગયો અને તેની સામે આવી ઉભો રહ્યો - પૂછ્યું ક્યાં જાય છે?

સાધુ કહે મારું મન વિહ્વળ થયું છે મને અહીં અશાંતિ લાગે છે. તેથી ફરી સંસારમાં જવા વિચારું છું.

આત્મા કહે - અશાંતિ આપણા મન-વિચારમાં જ છે ભોગ-વિલાસથી થાકીશ પછી ફરી 'અશાંતિ' ઊભી થશે. માટે મન-વિચાર પર સંયમપૂર્વક કાબૂ કર, 'શાંતિ તારણે શરણે આવશે.'

Email - sureshchandrabhatt18@gmail.com

ચોમાસુ સત્ર સત્તાધારી એનડીએની આબરૂના ધજાગરા ઉડાડશે?

તંત્રી સ્થાનેથી....

સંસદનું ચોમાસું સત્ર કેન્દ્ર સરકાર માટે ભારે કસોટીરુપ બનવાનાં એંધાણ છે. રાક્ષસી બહુમતી ધરાવતી હોવા છતાં મોદી સરકાર અને ભારતીય જનતા પાર્ટી ઘણા મુદ્દે ઘેરાઇ ગઇ છે, જેમાંથી હેમખેમ પાર ઊતરવા માટે કાંતો એને વિપક્ષની ઘણી બધી માગણીઓ સ્વીકારી લેવાની તૈયારી રાખવી પડે અથવા સંસદની કાર્યવાહી ખોરવાઇ જતી જોવાનો વારો આવે. ગુજરાત વિધાનસભામાં સળંગ બાર-તેર વરસ સુધી મોદી સરકાર વિપક્ષની નારાજગી સામે કઠોર પગલાં લઇ એક તરફી નિર્ણયો લેતી રહી હોવાનો ઇતિહાસ જાણીતો છે. ઊહાપોહ કરનારા વિપક્ષી સભ્યોનો સાગમટે બહિષ્કાર એ વિધાનસભાના દરેક સત્રની અનિવાર્ય ઘટના બની જતી. પરંતુ સંસદમાં જયારે વિપક્ષો ઊહાપોહ કરે છે ત્યારે વિધાનસભાની જેમ એમને ટીંગાટોળી કરીને બહાર કાઢવાનો રિવાજ નથી. મનમોહનસિંહના નેતૃત્વવાળી યુપીએ સરકારના શાસનકાળમાં અનેક કૌભાંડોના વિરોધમાં તત્કાલીન વિપક્ષે મહિનાઓ સુધી સંસદની કાર્યવાહી ઠપ્પ કરી દીધી હોવાનું સર્વવિદિત છે. હવે તે સમયના શાસક પક્ષનો વારો છે. ભાજપ સત્તાસ્થાને છે. એના એક વર્ષના શાસનકાળમાં એની સામે જે પડકારો ઊભા થયા છે તે વિપક્ષ માટે સંસદની કાર્યવાહી ખોરવવા માટે પૂરતા છે. અત્યાર સુધી વડાપ્રધાને એમની પાર્ટી કે સરકાર સામેના આક્ષેપોનો જવાબ આપવાનું ટાળ્યું છે. વિપક્ષ એમનું મોઢું ખોલાવ્યા વિના જંપશે નહીં. અનેક કૌભાંડો સાગમટે બહાર આવ્યા છે. વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઇરાની, રાજસ્થાનનાં મુખ્યમંત્રી વસુધરા રાજે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, મહારાષ્ટ્રનાં બાળવિકાસમંત્રી પંકજા મુંડે વગેરે વિરુદ્ધ અનેક સંગીન આરોપો છે. કોંગ્રેસે વ્યાપમ મુદ્દે બરાબરની બાંયો ચડાવી છે. વ્યાપમ કૌભાંડ અત્યાર સુધીમાં પચાસ વ્યક્તિઓનો ભોગ લઇ ચૂક્યું છે અને હજારો યુવાનોને ભ્રષ્ટાચારને કારણે રોજગારીથી વંચિત રહેવું પડ્યું છે. ખોટા લોકોને લાંચ લઇને મેડિકલ-ઇજનેરી જેવી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મળી ગયો, નોકરીઓ પણ મળી ગઇ અને સાચી લાયકાતવાળા ઉમેદવારોનું ભવિષ્ય રોળાઇ ગયું. આ કૌભાંડનો રાજભવન અને શિવરાજ મંત્રીમંડળના જ એક મંત્રીના નિવાસસ્થાનેથી દોરીસંચાર થતો રહ્યો, જેમાં ખુદ મુખ્યમંત્રીનાં સગાંસંબંધીઓ અને રાજયપાલના પુત્ર પણ લાભાર્થી રહ્યા હોવાનો આરોપ છે. કોંગ્રેસ આ મુદ્દે સ્વાભાવિક રીતે જ મધ્યપ્રદેશના લોકપ્રિય મુખ્યમંત્રીના રાજીનામાની માગણી કરશે અને બાકીની વિપક્ષી પાર્ટીઓ પણ એમાં સૂર પુરાવશે. લલિત મોદી કાંડમાં સંડોવાયેલાં વિદેશમંત્રી તથા રાજસ્થાનનાં મુખ્યમંત્રી ડૉ. રમણસિંહ ઉપરાંત મહારાષ્ટ્ર સરકારના ચીકી કૌભાંડમાં સંડોવાયેલા મહિલા મંત્રી પંકજા મુંડેનો બચાવ કરવાનું પણ મોદી સરકારને અઘરું પડવાનું છે. એ જ રીતે જમ્મુ અને કાશ્મીરમાં વધી ગયેલી અલગતાવાદી પ્રવૃત્તિઓ તથા સરહદ પર થઇ રહેલાં પાકિસ્તાની છમકલાં સામે મોદી સરકારની નિષ્ફળતાનો મુદ્દો પણ સમગ્ર ચોમાસું સત્ર દરમિયાન છવાયેલો રહેશે. મોદી સરકાર સામે આવા અનેક પ્રશ્નો એકી સાથે ઉઠાવી પ્રજામાં એની નાલેશી કરવાની સોનેરી તક વિપક્ષોને સાંપડી છે ત્યારે મોદીએ એમની પ્રકૃતિ મુજબ રક્ષણાત્મક નહીં બલકે આક્રમક નીતિ અપનાવવાની વ્યૂહરચના ઘડી કાઢી હોવાનું જાણવા મળે છે. જમીન સંપાદન મુદ્દે સરકાર ચોથી વાર વટહુકમ લાવે એવી શક્યતા છે. 'વ્યાપમ'ને આઇએસઓનું પ્રમાણપત્ર મળ્યું હોવાની ભાજપની દલીલ પ્રજાને એની પ્રસ્થાપિત કૌભાંડી છબીથી જુદું વિચારવા પ્રેરે એ વાતમાં માલ નથી. વિપક્ષ કૌભાંડોસાથે સંકળાયેલા મુખ્યમંત્રીઓ અને વિદેશમંત્રીના રાજીનામાની બુલંદ માગણી સાથે ચોમાસુસત્ર ખોરવી નાખશે એનક્કી છે. આગામી સ્વાતંત્ર્ય દિને વડાપ્રધાન દેશને લાલ કિલ્લા પરથી શો જવાબ આપશે, તે જોવું રસપ્રદ બની રહેશે.

દરેક વ્યક્તિમાં સહાનુભૂતિ, અનુકંપા અને સહૃદયતા જેવા સદ્‌ગુણો ઉપસ્થિત રહેલા હોય જ છે, માત્ર તેને ઢંઢોળીને વધુ જાગૃત કરવાની આવશ્યકતા છે!

સમાજમાં સંવેદનાના સ્પંદનો

વિચારસભા

- નેહલ જયદીપ ગઢવી

રથયાત્રા અને ઇદના સહિયારા પર્વની ઊજવણી આપણે સૌએ સાથે મળીને ઉત્સાહભેર કરી! આપણો દેશ અનેકતામાં એકતા સમાન, વિશાળ હૃદય ધરાવનારા લોકોને દેશે છે એ આપણે સાબિત કર્યું. આ વર્ષે વરસાદ એકવાર મોંઢું બતાવીને પછી જાણે સાવ જ રિસાઇ ગયો હોય તેમ ગાયબ થઇ ગયો. વરસાદ ઓછો થશે કે નહિ આવે તેવી ભીતિ આપણને સૌને હોય પરંતુ, જેમનો મુખ્ય વ્યવસાય જ ખેતી હોય તેમજ સંપૂર્ણપણે જેમનો જીવનનિર્વાહ ખેતી દ્વારા જ થતો હોય તેમના માટે અવિશેષ ચિંતાનો વિષય ગણાય. ગ્લોબલ વોર્મિંગ, પોલ્યુશન જેવી અનેક તકલીફો વચ્ચે આપણે કુદરતને વિનવીએ છીએ કે અમે ભલે ગમે તેટલી ભૂલો કરીએ પણ તારે રૂઠ્યા વિના તારું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવવાનું છે! ચારેબાજુ લોકો ચોરી, લૂંટફાટ, મારધાડ અને આ પ્રકારના અનેક દૂષણોથી સમાજ પીડાઇ રહ્યો છે તેવી વેદા વ્યક્ત કરે છે પરંતુ, અંદરથી તો આપણો અંતરઆત્મા, પરમકૃપાળુની અસીમ દયા આપણા પર વરસતી જ રહે છે અને તે આપણને આમાંથી ઉગારી જ લેશે તેમજ પોકારી રહ્યો છે! કવિશ્રી પૂજાલાલ લખે છે તેમ :

''રેલાઇ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની,
સિન્ધુના ઉરમાંથી તો ઊઠશે અમી-વાદળી!''

આપણા સકારાત્મક અભિગમ છતાં પણ જો વર્ષારાણી આપણા પર નારાજ થાય અને ન જ વરસે તો દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિમાં આપણે ખૂબ જ સંયમપૂર્વક વર્તવું જોઇએ તેમજ આપણાથી આર્થિક રીતે ઓછા સક્ષમ હોય તેવા લોકો પ્રત્યે-ખાસ કરીને ખેતીવાડી પર નિર્ભર લોકો પ્રત્યે વિશેષ સંવેદનશીલ વલણ અપનાવવું જ રહ્યું! શ્રી નારાયણ દેસાઇએ જર્મનીના એક પાદરીનું એક સચોટ અને હૃદયસ્પર્શી ઉદાહરણ ટાંક્યું હતું : ''મૂળ જર્મનીથી આવેલા પાદરી ફાધર કુન્તસે બ્રાઝિલના સાઓ પાઓલા શહેરની એક ઝૂંપડપટ્ટીમાં સ્વેચ્છાએ નિવાસ સ્વીકાર્યો હતો. એકવાર દેશના ઉત્તર-પશ્ચિમ ભાગમાં ભયંકર દુકાળ પડ્યો ને લોકો ગામડામાંથી ઉચાળા ભરીને શહેર તરફ આવવા માંડ્યા, ત્યારે શહેરના લોકોએ છાપાંને/પત્રો લખીને કહ્યું કે શહેરની અનાજની દુકાનો લૂંટાવાનો ભય ઊભો થયો છે, એટલે દુકાનદારોને બંદૂકના પરવાના આપવા જોઇએ. ભૂખે મરતાં લોકોના આ પ્રકારના સ્વાગતની વાત વાંચી ફાધર કુન્તસના હૃદયમાં જે પીડા થઇ તેમને ઉત્તર-પશ્ચિમમાં લઇ ગઇ. ત્યાંના કસ્બાના મુખ્ય દેવળમાં જઇને તેમણે જાહેર કર્યું કે પોતે ૨૧ દિવસના ઉપવાસ પર ઉતરે છે. શરુઆતમાં તો લોકોએ એમની હાંસી કરી : 'ઉપવાસ કરવાથી ભૂખમરો ઓછો જ મટવાનો છે?' પણ ફાધરને તો ખૂંચતી હતી નગરજનોની હૃદયશૂન્યતા. તેમણે ચૂપચાપ ઉપવાસ ચાલુ રાખ્યા. બે દિવસ, ત્રણ દિવસ, ચાર દિવસ, લોકો વિચારવા લાગ્યા : 'આ તો દક્ષિણનો માણસ. એ આપણી ખાતર કષ્ટ વેઠે છે?' કોઇ કોઇએ આવીને પૂછ્યું. 'અમે શું કરી શકીએ? અમે તમારી જોડે ઉપવાસ પર બેસીએ?' ફાધરે કહ્યું : 'ભૂખે મરતા લોકોની પીડ જેમણે ખરેખર પિછાણી હોય તેઓ એક કામ કરે, પોતપોતાના ઘર બહાર એક પાટીયું મૂકી તેની ઉપર આટલું લખી દે : 'આ ઘર સૌને સારું ખુલ્લુ છે. અમારી પાસે જે કંઇ ખાવાનું હશે તે અમે તમારી સાથે વહેંચીને ખાશું. રોટલામાંથી બટકું બટકું ને એય નહીં હોય તો સાથે બેસીને ભગવાનની પ્રાર્થના કરીશું.' હવે એક પછી એક ઘરની આગળ 'ખુલ્લા ઘર' નાં પાટીયાં મુકાવા લાગ્યા. ૨૧ દિવસને અંતે તો એ શહેરમાં હજારો ઘરો સામે પાટીયાં મુકાઇ ગયાં ને બંદૂકના પરવાના માંગતું શહેર ભૂખ્યા લોકો સારું ઘર ખુલ્લા મૂકતું થઇ ગયું.''

આપણે અધિક માસ કે શ્રાવણ માસના ઉપવાસમાં કે રમજાનના રોજા રાખતા સમયે આપણા હિસ્સાનું ભોજન જો કોઇ ભૂખ્યાને જમાડીશું તો ઇશ્વર કે અલ્લાહના દરબારમાં એની નોંધ ચોક્કસપણે થતી જ હશે! મોજશોખ કે એશઆરામની વસ્તુઓ વિના ચલાવી શકાય પણ જે દુર્ભાવ્યશાળી લોકો બે ટંકનું ભોજન પણ ન મેળવી શકતા હોય તેમની કોઇ પણ પ્રકારે મદદ કરવી એ માનવતાની નિશાની છે! આપણે કેટલાક અપવાદરુપ ખરાબ અનુભવોની કડવાશને મનમાં ભરીને યાદ ન કરતાં સંવેદનશીલ બની એકબીજાને મદદરુપ બનીએ તો જ આપણું મનુષ્યજીવન સાર્થક ગણાય! આપણે આજે દરેક ક્ષેત્રમાં ખૂબ ઝડપથી પ્રગતિ અને વિકાસ કરી રહ્યા છીએ! તો એ જ રીતે એક સુંદર સંવેદનશીલ સમાજની રચના કરવી એ પણ એટલું જ આવશ્યક છે. દરેક વ્યક્તિમાં સહાનુભૂતિ, અનુકંપા અને સહૃદયતા જેવા સદ્‌ગુણો ઉપસ્થિત રહેલા હોય જ છે, માત્ર તેને ઢંઢોળીને વધુ જાગૃત કરવાની આવશ્યકતા છે! આપણા અર્થતંત્રની નિષ્ફળતાને કારણે આજે સમાજમાં અતિશય ધનાઢ્ય હોય તેવા વર્ગની સાથોસાથ ગરીબી રેખાની પણ નીચે જીવતા લોકો પણ સમાજમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે! તો એવા લોકોને ગરીબીની યાતનામાંથી થોડી રાહત આપવી એ આપણા સૌની નૈતિક ફરજ છે! તો આવો, સૌ સાથે મળીને એક સંવેદનશીલ ભરપૂર એવા લાગણીશીલ સમાજની રચના કરીએ!

મારૂં દુઃખ તારા કરતાં ઓછું... એ કેમ ચાલે!

વિચારયાત્રા

- ડો. જય ઓઝા

પોતાની પીડાને ઓછી કરવાનો - હળવી કરાવાનો રાજમાર્ગ કયો? એકદમ સિમ્પલ, આપણા કરતાં વધુ પીડા ભોગવનારાઓનો વિચાર કરવો. માણસ જો ધારે તો તેને પોતાની આજુબાજુ જ પોતાના કરતાં વધુ પીડા ભોગવનારા માણસોના ઉદાહરણ મળી જાય છે. મખમલના ગાદલા પર ઊંઘની ગોળીઓ ખાઇને પણ ન ઊંઘનારા શેઠનો બાલ્કનીમાંથી નીચે રસ્તા પર ફૂટપાથને ડનલોપ બનાવીને સૂનાર ભિખારીને જોઇને કદાચ ઊંઘ આવી જાય, અને નીચે ફૂટપાથ વાળા ભિખારીને શેઠની હવેલી જોઇને ઊંઘ આવી જા છે.

પણ, આવું થતું નથી અને બને છે એનાથી ઊંધુ મહેલમાં રહેનારને નીચે શાંતિથી સૂનારા ભિખારીની ઈર્ષા આવે છે અને ભિખારીને શેઠની હવેલીની. સરવાળે બંને સૂતા નથી. આપણો આ સ્વભાવ મૂળભૂત છે. આપણને આપણું દુઃખ જ પહાડ જેવું લાગે છે અને આ દુઃખ થકી લોકોની સહાનુભૂતિ મેળવવાની ઘેલછા ચરમસીમાએ પહોંચી છે.

સુખ વહેંચવાથી વધે છે, અને દુઃખ વહેંચવાથી ઘટે છે. પરંતુ માણસની પ્રકૃતિ મોટેભાગે એ પ્રકારની છે કે સુખ વહેંચામાં તે કંજુસાઇ કરે છે, અને દુઃખમાં બધાને સહભાગી બનાવવા મથે છે.

બીજી મુસીબત છે... ઈર્ષ્યા. બીજાના જરી જેટલા સુખની પહાડ જેટલી ઈર્ષ્યા થાય છે. આપણું સુખ અને બીજાનું સુખ પહાડ જેવું દર્શાવવામાં આપણે અવ્વલ છીએ. આણી ડોક બીજાના સુખના ડોકીયા મારીને જ દુઃખી જાય છે.

પણ પાછી આ વાત દુઃખમાં લાગુ પડતી નથી. નાની ફોડલીને પંપાળીને આળપંપાળ કરીને ગાંઠ જેવી બનાવી દેનારા માણસોનો તોટો નથી. બસ માણસને પોતાની દુઃખની કહાની બનાવીને કહેવામાં કંઇક અલગ જ પ્રકારનો આનંદ આવે છે. આવું કરવાથી એની કંઇ તૃષ્ણા સંતોષાતી હશે એ તો ભગવાન જાણે, કોઇ પણ જગ્યાએ અમસ્તો જ માણસ કોઇને પુછી બેસે છે. ''શું છે હમણાં કેવું ચાલે છે?'' સામેથી જવાબ આવશે, 'ઠીક છે પણ તમારા જેવું નહિં.'

પોતાની સ્થિતિનો આનંદ તો કોઇ દિવસ નહિ થાય. પણ બીજા આગળ છે! તે વિચારથી એક અંસતોષની લાગણી રાખી આપણા સુખમય જીવનને પણ દુઃખી બનાવીએ છીએ.

પાછી મજાની વાત જુઓ કે આપણું દુઃખ એ કદાચ બીજાની માટે સુખ હોઇ શકે. માટે, દુઃખ કોઇ પાસે રડવામાં મજામાં નથી. કોઇ આપણું દુઃખ મટાડી શકતું નથી, કારણ કે તે સ્વયં જનિન છે વળી જો સાંભળનાર હમદર્દ બનીને સાંભળે તો ઠીક છે, બાકી મોટે ભાગે તો બધા મનમાં હસતાં જ હોય છે. હં હવે આવ્યો ને લાગમાં.'

મફત અને સરળ રીતે અપાતી સલાહ આપનાર કહેશે 'ભાઇ! થોડું ધ્યાન રાખવું હતું ને!' આમ ને કર્યું હોય તો દુઃખી ન થવાત!' દુઃખી હોઇએ ત્યારે બધા શાણપણ ડહોળવા પહોંચી જાય છે.

'બુરા દુર્દશાનો એટલો આભાર હોય છે,
જે પણ મળે છે મુજથી વધુ સમજદાર હોય છે.'

- મરીઝ

આવા ઉપદેશથી દુઃખ ઘટતું નથી... પરંતુ ઉપહાસથી ક્યારેક તીવ્ર બને છે. વાસ્તવમાં આપણે જેની પાસે હૃદય ઠાલવીએ છીએ એ સુખી છે ખરો? વળી કદાચ આપણા રોદળાં સાંભળીને એ પોતાની જાતને સુખી માનવા લાગશે. સાથે એ પણ વિચારવાનું કે આપણા દુઃખની વાતો સાંભળવામાં તેને કેટલો રસ છે? વાસ્તવમાં તો સુખ દુઃખની આ દ્વંદ્વાત્મક સૃષ્ટિમાં રહેતા આપણે કોઇ એકના અતિરેકમાં બંનેનો સમન્વય જ જીવન છે, એ સમજવાનું ભૂલી જઇએ છીએ...

''જીવન કયાં હૈ, ચલતા ફિરતા એક ખિલોના હૈ,
દો આંખો મેં એક સે હૈ રોના, એક હે હસના હૈ.''

રજનીશજીએ તેમના એક પ્રવચનમાં સરસ વાત કરી હતી. શ્રીમંતનું જે સુખ છે, તે ગરીબની ગરીબીમાં છે, શ્રીમંતની શ્રીમંતાઇમાં નથી.

દરેક મનુષ્યનું સ્વપ્ન હોય છે કે મૃત્યુ બાદ તેને સ્વર્ગ મળે. કારણ આપણને ખબર છે કે નરકમાં જનારા લોકો દુઃખી થાય છે, પણ જો આપણને એવી ખબર પડે કે નરક જેવું કશું છે જ નહિ તો!

બર્ટ્રાન્ડ રસેલે ક્યાંક એક સરસ વાત કરી છે કે હું સ્વર્ગમાં જવા નથી માંગતો, કારણ કે જયાં સુખ જ સુખ હોય, ત્યાં સુખનો ખ્યાલ કેવી રીતે આવશે? મળવાનું સુખ ન મળવાની લંબાઇથી આવે છે. પ્રાપ્તિમાં પ્રતિક્ષા જેટલું સુખ મળતું નથી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આપણે સંતાનોએ માતા સમક્ષ કેવી રીતે વર્તવું એની વાત

મનના ઉમંગો કયાં છે મારી બા?

- રણછોડ વી. પરમાર

આપણને જનમ દેનારી માતા વિશે કશુંક લખવાનું મન થયું છે. તમને થશે માતૃપ્રેમ બાબતે જગતના દરેક સાહિત્યની જેમ ગુજરાતી સાહિત્યમાં પણ મબલખ લખાયું છે છતાં આ ભાઇને હજું શું કહેવાનું બાકી રહી ગયું હશે. મિત્રોને મારે એટલું જ જણાવવાનું કે મારે સો ટચના સોના જેવા શુદ્ધ માતૃપ્રેમ અંગે એકે શબ્દ પાડવો નથી. ખરેખર તો એના સામા છેડાની વાત કરવી છે. આપણે સંતાનોએ માતા સમક્ષ કેવી રીતે વર્તવું એની એક-બે વાત કરવી છે.

હનુમાન ચાલીસા આપનામાંથી ઘણા બધાએ વાંચી હશે, સાંભળી હશે, ગાઇ હશે અરે કેટલાકને તો કંઠસ્થ હશે. એની પાંચમી કડી મને ખુબ ગમે છે.

સુક્ષ્મ રૂપ ધરી સિય હી દિખાવા, બિકટ રુપ ધરી લંક જલાવા,
ભીમ રુપ ધરી અસુર સંહારે, રામચંદ્રકે કાજ સંવારે.

હનુમાનદાદાએ જુદા જુદા ત્રણ સ્વરુપે ધરી શ્રીરામમાં કેવા કેવા કામ પાર પાડેલા એનું અત્યંત ટૂંકાણમાં આ પંક્તિઓમાં સચોટ વર્ણન કરવામાં આવ્યું છે. બજરંગબલી સુક્ષ્મ રુપ ધારણ કરી સીતા સમક્ષ અશોકવાટિકામાં પ્રગટ થયા, બિકટ રુપ એટલે બિહામણું રુપ ધરી લંકા સળગાવી અને ભીમ અર્થાત પ્રચંડ-મહાકાય રુપ રાક્ષસોનો સંહાર કર્યો. આમાં પણ 'સુક્ષ્મ રુપ ધરી સિય હી દિખાવા' લખીને તો તુલસીદાસે કમાલ જ કરી દીધી. છે. સીતા એટલે કે માતા સન્મુખ જયારે પણ જવાનું થાય આપણે એટલે કે બાળકોએ હંમેશા સાવ નાનું શિશું બનીને જ જવું જોઇએ. આમ તો આપણે ગમે તેટલા જ્ઞાનના ભંડારો ઉથળાવી નાખ્યા હોય પણ માતાની નજર તો આપણે એ જ વરસો પહેલાના સતત કાળજી લેવી પડે તેવા બાળક રહેવાના. તમને જરાક ઠેસ વાગે ને જીવ સાથે એનું ગમે તેવું મડદાલ શરીર પણ ઊંચું થઇ જવાનું, એ વાત નક્કી.

યાદ આવે છે? બ્રહ્મા-વિષ્ણુ અને મહેશને પણ અનસૂયા માતાએ ત્રણેને બાળસ્વરુપમાં તેમના મોઢામાં પ્રેમથી ભોજન કરાવેલા! શ્રી બ્રહ્મા, વિષ્ણુ અને શંકર જેવા મહાપ્રતાપી દેવતાઓને એક સાથે કોઇ માતાએ જમાડ્યા હોય - વસ્ત્રહીન અવસ્થામાં રમાડ્યા હોય એવું બીજું દૃષ્ટાંત બધા ધર્મના થોથાં ઉથલાવી નાખ્યે પણ મળશે નહીં.

પ્રખર ગાંધીવાદી સંત શ્રી સ્વામી આનંદ (હિમાલયના પ્રવાસ વખતના શ્રી કાકાસાહેબ કાલેલકરના સાથીદાર, ત્રીજા સાથી હતા અનંત બુવા - એ ય સાધુ) કેટલાક વરસો પછી પોતાના વતન શિયાણીમાં પોતાના ઘરે ગયા ત્યારે આંખો ગુમાવી ચૂકેલાં મા પગલાંથી પુત્રને પારખી બોલી ઉઠેલા, 'આવ બેટા, સાંભળ્યું છે - હવે તું તો બહુ મોટો થઇ ગયો છે?' પણ સ્વામીજી મનોમન તો સાવ ભાખોડિયા ભરતાં જ જનેતાના ચરણો સુધી ગયા હશે ને?

એક રૂપગર્વિતા સ્વામી વિવેકાનંદથી ખૂબ પ્રભાવિત થઇ ગઇ. સ્વામીજીને કહે, 'તમે મારી સાથે લગ્ન કરો તો મને તમારા જેવો અનોખો પુત્ર પ્રાપ્ત થાય.' કામક્રોધને જીતી ગયેલા સ્વામીજી કહે, 'એની રાહ જોવા કોણ બેસે? હું આજથી તમારો પુત્ર છું. મારે માથે હાથ મૂકી આશીષ આપો.' તરત જ પેલી રુપાળીનો દર્પ ઓગળી ગયો. આ વાત જો પુરાણકાળની હોત તો એ યુવતીની છાતીમાંથી જરુર દૂધની શેઠો ઉછળી હોત.

ભાવનગરના દિવાન પ્રભાશંકર પટણી જયારે એમના ફોઇ (અહીં માતા એટલે માતૃતુલ્ય કોઇ પણ સ્ત્રી સમજવું. નહીંતર સીતાજીએ કયાં હનુમાનને જન્મ આપ્યો હતો, અન્નપૂર્ણાએ બ્રહ્મા વિષ્ણુ મહેશને જમવા આવ્યા ત્યારે જ પહેલીવાર જોયેલાં ને? સ્વામી વિવેકાનંદની તો વાત જ શી કરવી? જેમને ભારતમાતા જેવો ખ્યાલ આવ્યો છે.) ગુજરી ગયા ત્યારે સાવ પડી ભાંગ્યા. બોલ્યા, 'હવે મને પન્નો કહીને કોણ બોલાવશે?'

ટૂંકમાં માતા સમક્ષ જવું એનો મતલબ જ એ છે કે સાવ નાના બાળક થઇને જવું. જ્ઞાનની ગાંસડી ઉતારી ઓટલે મૂકી દેવાની, દંભના ખખડતા જોડા ઉંબરા બહાર કાઢી દેવાના, હથિયાર-બથિયાર લઇને મા જોડે જવાતું હશે કાંઇ? ભભકદાર વસ્ત્રો ધારણ કર્યા હોય કે ભગવાં પહેર્યાં હોય - મા સામે, અરે કોઇ પણ સ્ત્રી સામે જો તમે પુત્ર થઇને જશો તો તમારે વહાલના દરિયામાં નહાવાનું જ થવાનું છે. બાકી જો તમે તમારી સગી જનેતા સમક્ષ પણ જતાં કોઇ ધર્મ તમને અટકાવતો હોય તો એ ધર્મ મિથ્યા છે.

નહીંતર હનુમાન તો રામ કરતાંય મોટા હતા. છતાં તેઓ તેમને માતા કહીને શિર ઝૂકાવતા અને સીતાજી હંમેશા પુત્ર ગણીને આશીર્વાદ આપતા. હનુમાન જેવા મહાવીર માતા સમક્ષ જતાં સુક્ષ્મરુપ ધારણ કરે છે અને માતા શું ન આપી શકે? અષ્ટ સિદ્ધિ અને નવ નિધિનું વરદાન આવા પનોતા પુત્રને જ પ્રાપ્ત થાય ને? મને લાગે છે કે મારી વાત જરુર તમારે ગળે ઉતરી હશે.

'રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે! હસતાં હસતાં રડી પડે ભૈ માણસ છે!' અને 'આ સીમ ભરીને સોનુ રે કોઇ સોનુ લ્યો! ઝગમગતું ઝાકળભીનું રે કોઇ સોનુ લ્યો!' જેવી અદ્‌ભૂત કવિતાઓ રચનાર જયંતભાઇ પાઠકે માતાને શોધતી એમની બેબાકળી નજરોની એક કવિતા લખી છે તે માણવી તમને જરુર ગમશે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

રાષ્ટ્રગીતના નામે ઉંબાડિયાં : રાજનેતાનો બંધારણીય હોદ્દે પણ ગરિમાલોપ

અતીતથી આજ

- ડૉ.હરિ દેસાઈ

વાંદરો વૃદ્ધત્વમાં પણ ગુલાંટ મારવાનું ચૂકતો નથી. એવું જ કાંઈક ભારતીય રાજકારણમાં થયું છે. રાજસ્થાનના ૮૩ વર્ષીય રાજ્યપાલ કલ્યાણ સિંહે હમણાં કહ્યું કે ભારતના રાષ્ટ્રગીત 'જન ગણ મન'ની રચના રવીન્દ્રનાથ ઠાકુરે બ્રિટિશ સમ્રાટના સ્વાગતમાં કરી હતી. ક્યારેક અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડવાની તત્કાલીન કૉંગ્રેસી વડા પ્રધાન પી.વી.નરસિંહ રાવે કરી આપેલી મોકળાશને પગલે ઉત્તર પ્રદેશના એ વેળાના ભાજપી મુખ્યમંત્રી કલ્યાણ સિંહ ૬ ડિસેમ્બર ૧૯૯૨ની એ ઘટના પછી દુનિયાભરના હિંદુઓમાં 'હીરો' બની ગયા હતા. એ પછી તેમના જ પક્ષે એમને ખાળે નાખ્યા એવું લાગતાં ક્યારેક ભાજપમાંથી રાજીનામું આપીને અલાયદો